ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

# શહેરમાં સ્કૂલ યુનિફોર્મ ખરીદવા ભારે ભીડ

ગાંધીનગર, તા.૮

ઉનાળાનું વેકેશન પૂર્ણ થયા બાદ શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. વિદ્યાર્થીઓ શાળાઓ ખુલતા જ ડ્રેસ ખરીદી માટે શહેરના બજારમાં પડાપડી કરી રહ્યા છે. શહેરના સેકટર-૨૧,૨૨, ૨૪, અને ૭ સહિતના બજારોમાં સ્કૂલ યુનિફોર્મ ખરીદવા માટે વિદ્યાર્થીઓ વાલીઓની ભારે ભીડ જોવા મળી છે. શહેરની વિવિધ શાળાના યુનિફોર્મમાં આ વર્ષે ૧૦ ટકાનો વધારો થવા પામ્યો છે. બજારમાં વિદ્યાર્થીઓના સાઈઝ પ્રમાણે સ્કૂલ ડ્રેસનો ભાવ રાખવામાં આવેલ છે. શાળાઓના સ્કૂલ ડ્રેસ રૂ.૩૫૦ થી ૯૦૦ સુધીના માર્કેટમાં હાજર સ્ટોકમાં છે.

અત્યારે હાલનો સમય અને સંજોગ બદલાતા શાળાઓના ડ્રેસમાં પણ વિવિધતા આવી છે. પહેલાના સમયમાં શાળાના ગણવેશમાં ધોરણ-૫ સુધી મોટાભાગની શાળાઓમાં ચડ્ડી અને શર્ટ ની બોલબાલા હતી. ત્યારબાદ ધોરણ-૭ પછી વિદ્યાર્થીઓના ડ્રેસમાં ફેરફાર આવતો હતો. પરંતુ અત્યારના સમયે તો દરેક શાળાદીઠ શાળાના ગણવેશમાં વિવિધતા જોવા મળે છે. વિવિધતાને પગલે વિદ્યાર્થીઓના ગણવેશ પણ મોંઘા બની ગયા છે. ત્યારે શહેરમાં કાર્યરત ૧૦૦ જેટલી નાની મોટી શાળાના ગણવેશ ખરીદી માટે પણ વાલીઓએ બજારમાં ભીડ જમાવતા દુકાનોમાં હૈયે થી હૈયુ દળાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓના ગણવેશમાં પેન્ટ, શર્ટ, ચડ્ડી, કોટ,ટાઈ, બેલ્ટ, સ્વેટર, જયારે વિદ્યાર્થીનીઓમાં સ્કર્ટ, શર્ટ, ડ્રેસ, સ્કાર્ફ, લેગીંગ્સ, સ્વેટર, બુટ-મોજાની જોડી તૈયાર જ બજારમાં મળે છે. જયારે નર્સરી તેમજ કેજી ના બાળકોની પેર રૂ.૩૦૦ થી ૪૦૦ માં સરળતાથી મળી રહે છે. જયારે આ અંગે સે-૨૧ના વેપારી સાથે વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે અત્યારે હાલના સમયે શાળાઓ ખુલતા થોડી ઘરાકી જામી છે. પરંતુ આ ઘરકી દર વર્ષ કરતા સામાન્ય જ છે વિશેષ ખાસ નથી. જયારે સે-૨૧ની એક દુકાનમાંથી જ માત્ર ૨૫ થી વધુ શાળાના ડ્રેસ હાજર સ્ટોકમાં છે. ત્યારે શહેરની વિવિધ શાળાના ગણવેશ ખરીદી માટે બજારોમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.






આજથી સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ નામનો સરકારી ઉત્સવ ઉજવાશે જેમાં 'કન્યા કેળવણી' અને 'રાઈટ ટુ એજયુકેશન'ની મોટી મોટી વાતો થશે અને આંકડા પણ રજૂ થશે. રાજયમાં 'બેટી બચાવો અને બેટી પઢાઓ' સૂત્રના યશસ્વી અમલીકરણ માટે સરકારી તંત્ર જાતે જ પોતાની પીઠ પણ થાબડશે. પરંતુ ગાંધીનગરના મીના બજારમાં ગુરુવારે દોરડા પર ચાલીને ખેલ બતાવી રહેલ નટ દિકરીની તસવીર ઘણું બધું કહી જાય છે. ભણવાની ઉમરે પોતાના પરિવાર માટે આમ દોરડા પર ખેલ કરવા મજબૂર બનેલી આ દિકરીના ભણતરનું શું? કયો પ્રવેશોત્સવ તેને આ મજબૂરીમાંથી છોડાવી શિક્ષણ અપાવશે? શું સરકાર એવું વાતાવરણ ના સર્જી શકે જેમાં બાળકોને ભણવાની ઉંમરે પરિવાર પાલનનો બોજ ના ઉઠાવવો પડે??

## શહેરમાં પાણીજન્ય રોગચાળાને ડામવા તંત્રને રજુઆત

રાજધાની ગાંધીનગરમાં જ અત્યારે હાલની સ્થિતિએ પાણીજન્ય રોગાચાળાએ અજગરી ભરડો લીધો છે. છેલ્લા પંદર દિવસથી નગરના સેકટર-૩, ૪, ૫, અને ૧૩ માં મેલેરીયા, કોલેરા, કમળા, સહિત ઝાડા-ઉલ્ટીના કેસ વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તેમજ નવા સેકટરોમાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં અતિશય ગરમી વરસી રહી છે. બપોરના સમયે નગરમાં આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ગરમીમાં શેરડીનો રસ, ઠંડી છાસ, બરફના ગોળા,હોટલ, રેસ્ટોરન્ટ તેમજ ખાણીપીણીની લારીઓ પર વેચાણ થતા ખોરાકની તપાસ તંત્ર દ્વારા થવી જોઈએ.તેમજ બિન આરોગ્યપ્રદ ખોરાક ઝડપાય તેવા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ તે ઉપરાંત શહેર નિર્માણ સમયથી પાણીની પાઈપલાઈન નાંખવામાં આવેલ છે. વર્ષો પહેલા નાંખવામાં આવેલ પાઈપ કટાઈ ગઈ છે. જેને પગલે ફોર્સથી પાણી આવતા પાણી લીકેજ થાય છે જેથી બંન્ને પાણી મીક્ષ થતું હોવાથી પાણી ડહોળું, કચરાવાળું, દુષિત પાણી ઘણા સેકટરોમાં આવે છે. આવું પાણી પીવાથી પાણીજન્ય રોગાચાળામાં વધારો થાય છે. ત્યારે પાણીની પાઈપલાઈનોની તપાસ થવી જોઈએ. તેમજ નવી પાઈપ નાંખવા જરુરી તંત્રને સુચના આપવી. જયારે દરેક સેકટરોમાં કોમન ચોક, જાહેર રસ્તા, આંતરીક માર્ગો, નિયમિત સાફ સફાઈ કરવામાં આવે, જયારે સેકટરોમાં કચરાના ઢગ ખડકાયેલા હોય છે આ ગંદકીને પગલે મચ્છરો ઉત્પન્ન થાય છે. નાગરીકોને મચ્છર તેમજ પાણીજન્ય રોગોને કારણે ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ અંગે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી થાય તે માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ માંગ કરી છે.

### આજે શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે શૈક્ષણિક કારકીર્દી માર્ગદર્શક પુસ્તિકાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૮

પ્રદેશ કોંગ્રેસ દ્વારા જે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શક પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે, તેનું ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા વિતરણ તા. ૯-૬-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શહેર કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨ ખાતે વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે તો દરેક જરૂરિયાતાળા વિદ્યાર્થીઓએ લાભ લેવા શહેર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ અનુરોધ કર્યો છે.

## આવતીકાલે ઈસનપુર મોટા ખાતે ફિઝિયોથેરેપી સેન્ટરનું ઉદઘાટન

**ઉદઘાટન પ્રસંગે સાંધાના દુઃખાવા તથા હઠીલા રોગોનો સારવાર કેમ્પ તથા લાઈફ સ્ટાઈલ આધારિત રોગોથી બચવા અંગે સેમિનાર યોજાશે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે સર્વોદય આરોગ્ય મંડળના ઉપક્રમે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ તથા નીમા ફાઉન્ડેશનના સહયોગથી હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ પ્રેરિત ફિઝિયોથેરેપી સેન્ટર 'વરેણ્યમ પ્રાકૃતિક બહુવિકલ્પ ચિકિત્સા અને સંશોધન પ્રતિષ્ઠાન'નું તા. ૧૦મી જૂન શનિવારે સવારે ૯.૩૦ કલાકે ઉદઘાટન યોજાશે. આ સાથે સાંધાના દુઃખાવાના દર્દીઓ તથા અન્ય હઠીલા રોગોના દર્દીઓની સારવાર અપાશે તેમજ હૃદય સંબંધિત અને ડાયાબીટીઝ જેવા લાઈફ સ્ટાઈલ આધારિત રોગોથી બચવાના કુદરતી ઉપચારો એ વિષય પર પરિસંવાદ યોજાશે.

ઈસનપુર મોટા ગામે શનિવારથી પ્રારંભ થનાર ફિઝિયોથેરેપી સેન્ટર ખાતે શરીરના વિવિધ અંગોના સાંધાના દુઃખાવા ઉપરાંત ક્રોનીક રોગો જેવા કે પેટના રોગો, ડાયાબીટીશ, હૃદયરોગ, થાઈરોઈડ વગેરેને સેલ્ફ હીલીંગની તાકાતથી મેનેજ કરવાનો અમૂલ્ય મોકો પ્રાપ્ત થશે. ઉદઘાટન પ્રસંગે યુએસએથી આવેલા જાણીતા હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ દ્વારા ઢીંચણ, કમર, ડોક, ખભો, એડી જેવા અંગોના સાંધાના દુઃખાવા અંગે સારવાર આપવામાં આવશે.

### આઈ લવ માય ગાંધીનગર



**નીતિન દવે**
**પ્રમુખ, વેણુભારતી**

**ગાંધીનગર ગમે**
સુંદર, રળિયામણું શહેર હોવા ઉપરાંત કલા વિષયક પ્રવૃત્તિઓથી ધમધતું હોવાને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
કલારસિક, કલાપ્રેમી અને કલાના કદરદાન નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરમાં સેવા, સંસ્કૃતિ અને કલાની જ્યોત પ્રજ્વલિત રાખનાર અનેક સંસ્થાઓ છે, જે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. સ્વામિનારાયણ મંદિર ઉપરાંત કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા બાબતે ઘણું કામ કરવાની આવશ્યકતા છે એવું મારું માનવું છે.

**નગર માટે હું કરી શકું**
કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં મારું સઘળા પ્રકારનું યોગદાન આપવા માટે હું તત્પર છું.

### દત્ત મંદિર ખાતે ૩૨મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સે-૨૮ ખાતે આવેલ દત્ત મંદિરનો ૩૨મો પાટોત્સવ ૧૬મી જુનના રોજ ઉજવાશે. જેમાં પાંચ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમને પગલે દત્ત મંદિરમાં અનોખો ધાર્મિક માહોલ જોવા મળશે.

દત્ત મંદિર ખાતે ૩૨મા પાટોત્સવની ઉજવણીમાં તા. ૧૨મી રાત્રે ૮ વાગે રંગભકત વિપુલભાઈના મધુર કંઠે માતૃવંદના ભજન કાર્યક્રમ યોજાશે અને ૧૩મીની રાત્રે પરિવારના રંગભકત અને દેશ વિદેશમાં વિખ્યાત અને ૧૪મીની રાત્રે પૂ.શ્રી વિરંચીપ્રસાદ શાસ્ત્રી (તિકલવાડા)ના તેમજ તા. ૧૫મીની રાત્રે જ્ઞાનમય મધુર કંઠે પૂ. માજીની જીવન કથા રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે. તા. ૧૬મી પાટોત્સવના દિવસે સવારે ૮.૩૦ કલાકે નૂતન ધ્વજારોહણ, સવારે ૧૦ કલાકે શ્રી દત્તયાગ પ્રારંભ, સવારે ૧૦.૧૫ કલાકે પૂ. રુકમામ્બા સપ્તશતિપાઠ યોજાશે. બપોરે ૧ કલાકે ફલાહાર જયારે ૨.૩૦ કલાકે શ્રીદત્તયાગ સ્વાહાકાર અને સાંજે ૬.૦૦ કલાકે શ્રી દત્તયાગની પૂર્ણાહુતી યોજાશે. સાંજે ૭.૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન પ્રજાપતિની વાડી-વસંતકુંવરબા સ્કુલ સામે કરવામાં આવ્યું છે તો સર્વે ભકતજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## માહિતી કર્મચારી મંડળના પ્રમુખપદે કે.જી. વાઘેલા

**મહામંત્રીપદે દિનેશ ચૌહાણની સર્વાનુમતે વરણી**

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની મળેલી સામાન્ય સભામાં શ્રી કે. જી. વાઘેલાની પ્રમુખ તરીકે અને શ્રી દિનેશ ચૌહાણની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે મળેલી સામાન્યસભામાં વર્ષ૨૦૧૭-૧૮ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે સર્વશ્રી પ્રવિણ પટેલ, શ્રી દિલીપ ગજ્જર, શ્રી કિરીટ બેન્કર, શ્રી જી. એસ. ઠાકોર અને શ્રી બી. ટી. ઠુમર અને સહમંત્રી તરીકે શ્રી બી. એ. પ્રજાપતિ, ખજાનચી તરીકે





શ્રી પી. એચ. ચૌધરીની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વ શ્રી એન. પી. કક્કડ (વડી કચેરી), શ્રી જે. એન. સત્યદેવ (સૌરાષ્ટ્ર ઝોન), શ્રી એસ. બી. સુખડીયા (મધ્ય ઝોન), શ્રી અક્ષય દેસાઈ (દક્ષિણ ઝોન) અને શ્રી વી. જી. નાયક (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વશ્રી શ્રી હસમુખ પટેલ, શ્રી કે. સી. કણઝરીયા, શ્રી ડી. એ. સોલંકી, શ્રી કમલ રાઠોડ, શ્રી પરિમલ પટેલ, શ્રી પી. પી. સોરઠીયા, શ્રી એચ. કે. સોલંકી, શ્રી સંજય પટેલ (ભરૂચ), શ્રી મહેશ પટેલ (વલસાડ), શ્રી જે. એલ. પ્રજાપતિ, શ્રી એચ. એમ. મામતોરા (અમદાવાદ), શ્રીમતી ઈલાબેન રાઠવા અને શ્રીમતી ફોરમબેન રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## વાવોલ ખાતે ધામધૂમથી શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

**પ્રાથમિક શાળામાં ૨૦, આંગણવાડીમાં ૮૩ તથા હાઈસ્કૂલમાં ૧૦૫ બાળકોની પ્રવેશ વિધિ કરાઈ : તેજસ્વી બાળકોને ઈનામોથી સન્માનવામાં આવ્યા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાના વાવોલ ખાતે આજે સરકારી પ્રાથમિક શાળા તથા એમ.બી. પટેલ વિદ્યાલયનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રવેશોત્સવમાં વાવોલ આંગણવાડીમાં ૮૩ બાળકોને પ્રાથમિક શાળામાં નવા ૨૦ બાળકોને જયારે હાઈસ્કૂલમાં ધોરણ-૯માં કુલ ૧૦૫ બાળકોને પ્રવેશ અપાયો હતો.

વાવોલ સરકારી પ્રાથમિક શાળા અને એમ.બી. પટેલ વિદ્યાલયનો શાળા પ્રવેશોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. શાળા પ્રવેશોત્સવમાં મુખ્ય મહેમાન પદે જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી તથા સીઆરસી કો-ઓર્ડિનેટર તથા દશેલા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત






વાવોલ ગામના અગ્રણીઓ તથા કેળવણી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવમાં વાવોલ પ્રાથમિક શાળામાં નવા ૨૦ બાળકોને પ્રવેશ અપાયો હતો. જયારે આંગણવાડીમાં કુલ ૯૩ બાળકોને પ્રવેશ અપાયો હતો. આ ઉપરાંત એમ.બી. પટેલ વિદ્યાલયમાં ધો-૯માં કુલ ૧૦૫ બાળકોની પ્રવેશવિધિ પૂર્ણ કરાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે માનવ ગૌરવગાન કરવામાં આવ્યું હતું. બાળકોએ યોગ નિદર્શન કર્યું હતું તથા બેટી બચાવો, વૃક્ષો બચાવો વગેરે વિષે વકતવ્ય પ્રસ્તુત કર્યા હતા.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ-૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન મમતાબેન દત્તાણીએ પ્રાસંગિક પ્રવચનમાં ગ્રામજનોને દિકરીને ભણાવવા બાબતે જાગૃત બનવા અનુરોધ કરતા શાળા પ્રવેશોત્સવના કારણે નામાંકન સારું થયું હોવાનું તથા ડ્રોપઆઉટ રશિયો ઘટયો હોવાનો દાવો રજૂ કર્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમના અંતમાં દાતાઓ તરફથી બાળકોને દફતર તથા અન્ય શૈક્ષણિક સામગ્રીની ભેટ સોગાદ પણ આપવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે પ્રાથમિક શાળાના આચાર્યા દક્ષાબેન મકવાણા તથા એમ.બી. પટેલ વિદ્યા મંદિરના આચાર્ય બી.એ. પટેલ સહિત કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### @ગાંધીનગર

● શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજના ૬.૩૦ કલાકે 'કેરી મનોરથ'ના દર્શન થશે.

● શ્રી રણછોડજી મદિર સે-૭ ખાતે સાંજે ૫ થી ૭.૩૦ કલાક દરમિયાન 'કેરીનો મનોરથ'ના દર્શન યોજાશે.

● બોરીજ ખાતે પાલિકાના વોર્ડ નં. ૨ અને ૩ના વસાહતીઓ માટે સેવાસેતુ કાર્યક્રમ, મેડીકલ કેમ્પ અને ઓનલાઈન પેમેન્ટ સંબંધી જાણકારી આપી સાથે આધાર કાર્ડ કાઢી આપવામાં આવશે.

● કલાગુર્જરી અને ગુજરાત રાજય સંગીત અકાદમીના ઉપક્રમે સંતવાણીની સુવાસ કાર્યક્રમ ૯.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૩ શકિતચોક ખાતે ૮ થી ૧૧ દરમિયાન યોજાશે.

● સબકા સાથ સબકા વિકાસ સંમેલન જીએમઈઆરએસ હોલ, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

### વાતવાતમાં

● શહેરમાં આ વખતે વેકેશન પૂર્ણ થયા બાદ આનંદમેળાનો પ્રારંભ થવા પામ્યો છે. જો કે હજુ શાળાઓના પ્રારંભના દિવસો હોવાથી આનંદમેળામાં ઘરાકી મળી રહેશે તેવો આયોજકોમાં આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે ઉર્જા ફુટબોલ કપનું ઉદઘાટન યોજાયું હતું. આ ઉદઘાટન સમારંભમાં રાજયપાલ ઉપરાંત ગુજરાતના સ્ફોટક ક્રિકેટર યુસુફ પઠાણે હાજરી આપી હતી.

● ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલે તાજેતરમાં સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં તેમણે દર્દીઓને મળીને ખબર અંતર પુછવા ઉપરાંત હોસ્પિટલમાં સફાઈ તથા અન્ય વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

● ગાંધીનગરમાં શુક્રવારે મહિલાઓ માટે વટ સાવિત્રિનું પવિત્ર વ્રત શ્રધ્ધાપૂર્વક ઉજવાશે. આ વ્રતના પગલે શહેરમાં આનંદના ગરબા અને મંદિરોમાં ભજન વગેરેના આયોજનો ખાસ જાગરણ માટે કરવામાં આવ્યા છે.

### શ્રમજીવી બાળકોને બિસ્કીટ વિતરણ

ગાંધીનગર, તા.૮

જલારામ મહિલા મંડળ દ્વારા ધોળાકુવા રક્ષા શકિત સર્કલ પાસે ટેન્ટ એસ.ટી.પી. વર્ગના શ્રમજીવીઓના બાળકોને પાર્લેજી બિસ્કીટનું વિતરણ મહિલા મંડળના વિદ્યાબેન ઠક્કર, જયાબેન ઠક્કર, કુસુમનબેન તન્ના, જશુબેન ઠક્કર, ભાનુબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વે જલારામ મહિલા મંડળના મહાનુભાવોને બાલમિત્ર ભાવસાર પ્રફુલ્લાબેને હૃદય સ્પર્શી આભાર વ્યકત કર્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. વનીતાબેન કનુભાઈ પટેલ, ઉ.વ. ૭૦
- સ્વ. જીવતબેન શાંતુજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. શાંતાબેન ગોવિંદભાઈ વાઘ, ઉ.વ. ૫૮
- સ્વ. લાલચંદ ચેતનદાસ ગોપલાણી, ઉ.વ. ૭૯